ક

વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન બાબત - નવી બાબત રૂ.૭૫૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૨૧/૫૦૨૩૪૦/ન.બા-૨૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૦૪/૨૦૨૨

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૯/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./ ૨૦૨૧-૨૨/૭૨-૭૩

<u>આમુખ :-</u>

રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગોના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ લોન આપવાની યોજના અમલમાં છે. વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે રૂ.૭૫૦૦.૦૦ લાખની સદરહુ નવી બાબતને વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના પત્રથી વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રાજ્ય સરકારના

ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા માટે વર્ષ:૨૦૨૨-૨૩માં રૂ.૭૫૦૦.૦૦ લાખની નવી બાબત નિગમ દીઠ નીચે મુજબ ફાળવણી કરીને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમો | નિગમ દીઠ રકમની વહેંચણી |
|---|---|---|
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ. | ૧૭૦૦.૦૦ |
| ૨ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. | ૧૨૦૦.૦૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. | ૧૯૦૦.૦૦ |
| ૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. | ૧૫૦૦.૦૦ |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિ. | ૧૨૦૦.૦૦ |
| | કુલ | ૭૫૦૦.૦૦ |

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે:

<u>શરતો:-</u>

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૮. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૯. આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવી.

૧૦. સોશિયો ઇકોનોમીક ઇમ્પેક્ટ ઇવેલ્યુઅશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

૧૧. યોજનામાં લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પધ્ધતિ અનુસરવાની રહેશે.

૧૨. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૩. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૪. આ યોજનાનો અમલ તા.૦૧/૦૪/૨૦૨૨ થી કરવાનો રહેશે.

૧૫. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૧૬. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

૧૭. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ માટે લોન, પેટા સદર:૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૮૦૦-અન્ય લોન, પેટા સદર: ૦૮-ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળા માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને લોનમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૦/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.